| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૪ – ૦૫ – ૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૪ – ૦૫ – ૨૦૨૪ |
| નિકાલ કર્યા તારીખ | ૨૩ – ૦૪ – ૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન |
| | |

**<u>રાજકોટનાં મહે. ચોથા એડીશ્નલ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફ. ક. શ્રીની અદાલતમાં, મુકામઃ રાજકોટ</u>**

**ફો.કેસનં.૯૨૭૯/૨૦૨૪**
**આંક :– ૨૭**

શ્રી સ ર કા ર
**(ગાંધીગ્રામ–૨(યુનિ.) પો. સ્ટે.**
**ગુ. ર. નં.૧૧૨૦૮૦૦૩૨૪૦૦૨૭/૨૦૨૪)** ..........**ફરીયાદી**

**વિરુધ્ધ.**

**નૈમીશ પ્રવીણભાઈ સોલંકી,**
રહે.મેટોડા જી.આઈ.ડી.સી. ગેટ નં.૦૧ પાસે,
રાધે વેબ્રીજ પાસે, કાલાવાડ રોડ,
રાજકોટ. ...............**આરોપી**

| | |
|---|---|
| ગુનો | **પ્રોહિબિશન એકટની કલમ–૬૫એએ મુજબ...** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી શ્રી કે. જી. ગોસ્વામી** |
| **આરોપી પક્ષે** | **વિ.વકીલ શ્રી એસ. એન. જાડેજા** |

**<u>જજમેન્ટ</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૧/૨૦૨૪ ના કલાક ૧૪:૧૫ વાગ્યે આ કામના આરોપીએ કોઈ પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં દેશી દારૂ લી.૦૯ કિ.રૂા.૧૮૦/– નો રાખી મળી આવેલ હોય આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫એએ મુજબ નો ગુન્હો કરેલ હોય જેથી આરોપી સામે રાજકોટ ગાંધીગ્રામ–૨(યુનિ.) પો.સ્ટે.માં ફરિયાદ આપતા ગુ.રજી.નં.૧૧૨૦૮૦૦૩૨૪૦૦૨૭/

૨૦૨૪ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસના અંતે આરોપી સામે પૂરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ કરવામાં આવતા તેને ફોજદારી કેસ રજિસ્ટરે લઈ ફો.કે. નંબર ૯૨૭૯/૨૦૨૪ થી નોંધવામા આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કાઢતા, આરોપી મુદૃતે હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલ છે અને ત્યારબાદ આ કામનાં આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૪ થી આરોપીનું નિવેદન નોંધવામા આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપીત તહોમતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષને તેમનો કેસ પુરવાર કરવા માટે પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩) આ કામમા ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા લેખીત પુરાવો રજુ થયેલછે.

| | | |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ : પુનીતભાઈ નટવરલાલ ગોંધીયાની જુબાની | આંક–૦૭ |
| ૦૨ | પંચનામું | આંક–૦૮ |
| ૦૩ | પંચ સાહેદ : દિપકભાઈ હરેશભાઈ મંડીરની જુબાની | આંક–૦૯ |
| ૦૪ | ત.ક.અમલદાર : વિજુભા ધનુભા જાડેજાની જુબાની | આંક–૨૪ |
| ૦૫ | ફરીયાદની ખરીનકલ | આંક–૨૫ |
| ૦૬ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાનો રવાનગી પત્ર | આંક–૨૬ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા, આ કામે આરોપીનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ ગુન્હાનો ઈન્કારીયત કરી, પોતે નિદોર્ષ હોઈ નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. ત્યારબાદ સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલો સાંભળવામા આવી.

**(૫)....**ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાયિક નીર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૦૧/૨૦૨૪ ના કલાક ૧૪:૧૫ વાગ્યે આ કામના આરોપીએ કોઈ પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં દેશી દારૂ લી.૦૯ કિ.રૂા.૧૮૦/- નો રાખી મળી આવેલ હોય, આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫એએ મુજબ ગુન્હો કરેલ છે?

(૨) છેવટે શું હુ ક મ ?

**(૬)…….** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧) નકારાત્મક

૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદા નં. ૧ :-</u>**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવાઓથી આરોપી સામેના આક્ષેપો સાબિત કરવા જોઈએ.

**(૭.૨)** ફરીયાદપક્ષના પુરાવાની ક્રમાનુસાર ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે આ કામે સૌ પ્રથમ આંક-૦૮ થી રજુ પંચનામાનાં પંચ સાહેદ : પુનીતભાઈ નટવરલાલ ગોંધીયાને આંક-૦૭ થી તેમજ સદર પંચનામાના અન્ય પંચ સાહેદ : દિપકભાઈ

હરેશભાઈ મંડીરને આંક–૦૯ થી તપાસેલ છે અને આ બંને પંચ સાહેદો કોર્ટ સમક્ષની જુબાની દરમ્યાન સદર આંક–૦૮ થી રજુ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તેઓએ જણાવેલ છે કે, આજથી સાત–આઠ માસ પહેલા તેઓ તેઓની રીક્ષા લઈને જતા હતા ત્યારે રસ્તામાં પોલીસે તેઓની કોઈ કાગળમાં સહી લીધી હશે તે સીવાય કોઈ હકિકત તેઓને ખબર નથી. આમ, આ પંચ સાહેદો સદર પંચનામા અંગે લેશમાત્ર સમર્થનકારી પુરાવો રજુ કરતા ન હોઈ, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે અને ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામા આવેલ ઉલટતપાસમા પણ આ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી લેશમાત્ર હકીકતો જણાવતા નથી. તેમજ બચાવપક્ષે થયેલ ઉલટતપાસમા આ બન્ને પંચ સાહેદોએ એ હકીકત કબુલ કરેલ છે કે, પોલીસે તેઓનુ નામ સરનામુ પુછેલ તે સીવાય તેઓ કંઈ જાણતા નથી. તેઓએ કબુલ કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી.

**(૭.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અમલદાર : વિજુભા ઘનુભા જાડેજાને આંક–૨૪ થી તપાસેલ છે અને તેઓ કોર્ટ સમક્ષની જુબાનીમા એવુ જણાવે છે કે, તા.૧૧/૧/૨૪ ના કલાક ૧૨.૦૦ થી તેઓ તથા પો.કોન્સ. રાહુલભાઈ ભગવતભાઈનાઓ તે રીતેના પોલીસના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન કાલાવાડ રોડ આંબેડકરનગર આરએમસી કવાટરની બાજુમાં ખુલ્લામાં આવતા એક ઈસમ પોતાની પાસે એક પ્લા.નુ કેન લઈ શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય જેથી તેને ઉભો રાખી તેઓએ બે રાહદારી પંચો બોલાવી પંચો રૂબરૂ નામ પુછતા પોતે પોતાનુ નામ નૈમીશ પ્રવીણભાઈ સોલંકી રહે–રાજકોટવાળા હોવાનુ જણાવેલ અને તેના હાથમાં રહેલ પ્લા.ના કેનમાં જોતા સફેદ પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી સુંઘી–સુંઘાડી જોતા તેમાંથી દેશી દારૂની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય જેથી તે રાખવા અંગે પાસ–પરમીટ કે આધાર હોય તો રજુ કરવાનુ કહેતા નહી હોવાનુ જણાવતા કેનમાંથી એક સેમ્પલ બોટલમાં ૨૦૦ એમએલ સેમ્પલ અર્થે ભરી સેમ્પલની કાર્યવાહી કરી બાકીનો દેશી દારૂ લી.૯, કિંમત રૂા.૧૮૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ અને આરોપીને અટક કરેલ. મજકુર ઈસમે પ્રોહી

કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય સાથેના પો.કોન્સ રાહુલકુમાર ભગવતભાઈનાઓએ ધોરણસરની ફરીયાદ આપેલી. તેમ જણાવી ફરીયાદની ખરીનકલ રજુ રાખી જેમાં રાહુલ કુમાર ભગવતભાઈની સહી છે તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે જે પોતે ઓળખી બતાવેલ છે.

સદરહુ ફરીયાદ અનુસંધાને ફરજ પરના પીએસઓએ ગુનો રજી.કરી આગળ ની તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી તપાસના કામે કરેલ પંચનામું કામમાં સામેલ રાખેલ જે પંચનામુ આ કામે આંક–૮ થી રજુ છે તે જ છે.

તેમજ તપાસના કામે તેઓએ મુદ્દામાલ રવાનગી પત્રક નં.૧૧૨૦૮૦૦૩૨૪ ૦૦૨૭/આર/૦૦૧:૧૦૬૨૯, તા.૧૧/૧/૨૪ ના રોજ એફએસએલ કચેરી ખાતે સદરહુ મુદ્દામાલ પૃથકરણ અર્થે મોકલાવેલ જે રવાનગી પત્રક રજુ રાખી જેમાં તેઓની સહી હોવાનુ જણાવેલ છે.

આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ નં.૬૦/૨૪ તા.૧૦/૦૨/૨૪ ના રોજ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ જે ચાર્જશીટમાં તેઓની સહી છે જે પોતે ઓળખી બતાવેલ છે. આરોપીને જોયે ઓળખે છે.

આ સાહેદની બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતા બનાવ સ્થળની જગ્યા જાહેર સ્થળ છે ત્યાં ઘણાબધા માણસોની અવરજવર રહે છે. તેઓએ કબુલ કરેલ છે કે, આ કામે પોલીસ સાહેદ કે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી.

(૮) આમ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે આ કામના આરોપીએ કોઈ પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં દેશી દારૂ લી.૦૯ કિ.રૂા.૧૮૦/– નો રાખી મળી આવેલ હોય આરોપી સામે ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫એએ મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે.

(૯) ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબ્જામાંથી તેઓએ પંચો રૂબરૂ ૯ લિટર દેશી દારૂ કબજે કરેલ છે. આ સમગ્ર કેસની હકીકતો જોતા ફરિયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદ જ તપાસેલા છે, જયારે પ્રોસિકયૂશનના કેસ મુજબ કહેવાતા બનાવ સ્થળની જગ્યા જાહેર સ્થળ છે ત્યાં ઘણાબધા માણસોની અવર જવર રહે છે, તો પ્રોસિકયૂશન પોતાનો કેસ સાબિત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેમજ ત.ક.અમલદારે પણ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, આ કામે પોલીસ સાહેદ કે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી. તેમજ હાલના કામે પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી તેઓએ પંચંનામામા ફકત પોતાની સહી ઓળખી બતાવેલી છે. તેમજ તેઓએ જણાવેલ છે કે પોલીસે તેઓની કોઈ કાગળમાં સહી લીધી હશે તે સીવાય કોઈ હકિકત તેઓને ખબર નથી. તેમજ ઉલટતપાસમાં કબૂલેલ છે કે, પોલીસે તેઓનુ નામ–સરનામુ પુછેલ તે સીવાય તેઓ કંઈ જાણતા નથી. પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી લીધેલી. આમ, આ પંચસાહેદોના પુરાવાથી પંચો રૂબરૂ મુદ્દામાલ દેશી દારૂ કબજે કરેલ હોવાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે જે સાહેદ તપાસવામાં આવેલા છે તે પોલીસસાહેદ છે તેથી સ્વાભાવિક છે કે તેઓ પોતાની ફરિયાદ હકીકતને વળગી રહે પરંતુ જયાં સુધી તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોલીસ સાહેદનો પુરાવો વિશ્વસનીય માની આરોપીને સજા કરી શકાય નહી. વિશેષમાં આ કામે પોલીસ ધ્વારા કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એફ.એલ.માં પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ છે, જે રવાનગી પત્રક આંક–૨૬ થી રજુ છે, પરંતુ ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ – ૧૧૬(સી) મુજબ આરોપી પાસેથી કબ્જે થયેલ દારૂના પૃથ્થકરણનો રિપોર્ટ રજૂ થતો નથી તેથી આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ તે ખરેખર દારુ હતો કે કેમ તે હકીકત સાબિત થતી નથી. તેથી આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ તે ખરેખર દારુ હતો કે કેમ તે હકીકત સાબિત થતી નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી ૯ લિટર જેટલો દેશી દારૂ મળી આવેલ હોવાનુ સાબિત થતુ નથી. આમ પ્રોસિકયૂશનના કેસ મુજબનો કોઈ ગુનો સાબિત થતો ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ

''**નકાર**'' માં આપુ છું . અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ નો ''**આખરી હુકમ**'' ફરમાવું છું.

**–:: આખરી હુકમ :–**

(૧) આ કામના આરોપી **નૈમીશ પ્રવીણભાઈ સોલંકી,** રહે.મેટોડા જી.આઈ.ડી.સી. ગેટ નં.૦૧ પાસે, રાધે વેબ્રીજ પાસે, કાલાવાડ રોડ, રાજકોટનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ગાંધીગ્રામ–૨(યુનિ.) પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧ ૨૦૮૦૦૩૨૪૦૦૨૭/૨૦૨૪, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનાં કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમા અપીલ થાય તો તેવા સંજોગોમા એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ની કલમ–૪૩૭ એ ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમા આરોપીએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાતમુચરકા રજૂ રાખવા.

(૩) સદરહુ ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ– ૨૩, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૪/૨૦૨૫
રાજકોટ.

**(એ.પી.દવે)**
પાંચમાં એડિ. સિવિલ જજ તથા જયુડી.મેજિસ્ટ્રેટ
રાજકોટ.
**(JUDGE CODE GJ01678)**